ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*ગીધડાં બની મારે છે ચક્કર, 'બૂથે' છે...*
*કરે 'લાળી' આપસમાં લડે શિયાળવામાં 'જૂથે' છે!*
*ગૂંથે છે પ્રચારની જાળ નિષ્ઠુર નરરાક્ષસો -*
*સત્તા ભૂખ્યાં વરુઓ કોરોના મૃતદેહો ચૂંથે છે!!*
*(હાય ચૂંટણી! વોય ચૂંટણી)*

હાઈકુ

*લજાવે કૂખ*
*કુંભકર્ણોનું દુ:ખ!*
*સત્તાની ભૂખ!!*
*(ભરાય ના પેટ)*

*નેતાઓ ખાય -*
*નિ:સહાયોની હાય!*
*સત્તાની લ્હાય!*
*(પણ ચૂંટણી થાય)*

### ચિંતન

**બહિર્નિરોધ: પદવી વિમુક્તે: ।**

**ઉપરોક્ત શ્લોક વિવેક ચૂડામણિ ગ્રંથમાંથી લેવામાં આવેલ છે.**

**બાહ્ય વિષયોનો નિરોધ કરવાથી મનની પ્રસન્નતા પ્રાપ્ત થાય છે. મન પ્રસન્ન, નિર્મળ થવાથી સંસાર-બંધનોનો નાશ થાય છે. બાહ્ય વિષયોનો નકાર મુક્તિનું પ્રથમ પગલું છે.**

**સંસ્કાર મુક્ત વગર પ્રસન્નતા નહીં મળે. લોકો ગુલાબનું ફૂલ પસંદ કરે છે. તેની સુગંધ લોકોને ગમે છે. પરંતુ એ સુગંધને લઈને મગજની વિચારવાની શક્તિ ક્ષીણ છે. ચિંતન ને માટે એ અનુકૂળ નથી. દુર્ગંધ જવી જોઈએ અને સુગંધ પણ જવી જોઈએ. બાહ્ય વસ્તુના સંસ્કાર ચિત્ત પર ન પડવા જોઈએ.**

**એનો અર્થ એ નથી કે આંખ બંધ કરીને બેસી રહેવું, પરંતુ બહારનું દૃશ્ય જોઈ અનુકૂળ - પ્રતિકૂળ, સારા-ખરાબ સંસ્કાર જાગૃત ન થવા જોઈએ. જેમ કે સૂર્યનારાયણ પૂરી દુનિયાને જુએ છે, પરંતુ તેની ઉપર દુનિયાના સંસ્કાર પડતા નથી. અહીંયા 'પદવી' શબ્દ સામ્ય, સમાનતાના અર્થમાં વપરાયો છે. પદવી એટલે સમાનતા. બાહ્ય જગતનું ચિત્ત પર પરિણામ ન થવા દેવું.**

### સુવિચાર

- એક સાંધો ત્યાં તેર તૂટે છે...
  ગાંઠ જીવતરની એમ છૂટે છે... - **અઝીઝ ટંકારવી**
- અગર અભભી ખૂન ના ખૌલા તો ખૂન નહીં વો પાની હૈ...।
  જો જવાની અપને દેશ ઔર મા-બાપ કે કામ ના આયે, બેકાર વો જવાની હૈ: ॥ - **જનાર્દન પાંડે**
- પ્રભુ સ્મરણથી ધર્મ વધે છે અને મૃત્યુ સ્મરણથી પાપ ઘટે છે - **ગાંધીજી**
- અહમ્ જે ત્રાસ વર્તાવે છે,
  એ ત્રાસ આગળ એટમબોમ્બનો ત્રાસ તો કોઈ વિસાતમાં નથી - **મ.સા. રાજહંસજી**
- ઈશ્વર + મન = મનુષ્ય, મનુષ્ય - મન = ઈશ્વર - **હરિભાઈ કોઠારી**
- આજનું ઔષધ : પાકા દાડમના દાણાનો રસ કાઢી તેને સહેજ ગરમ કરી બે-બે ચમચી બાળકને સવાર-બપોર-સાંજ-રાત આપવાથી ઊલ્ટી અને ઝાડામાં તરત રાહત થાય છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

મહાન અંગ્રેજ લેખક રુડયાર્ડ કિપ્લીંગની કેટલીક વાર્તાઓમાં અને કેટલાક લખાણોમાં પ્રાણથી વિશેષ તત્ત્વ જોવા મળે છે. કિપ્લીંગનો જુવાનજોધ પુત્ર લડાઈમાં માર્યા ગયો હતો. તેથી તેમને 'નબળા વિચારો' સાથે ખૂબ લડવું પડ્યું હશે તેમ લાગે છે. તેમના પુત્રને સંબોધીને એમને આપેલો સંદેશો કાવ્યતત્વોથી સભર હોય કે ના પણ હોય, પણ તેમાં માણસની એક ઝિંદાદીલી જરૂર છે. જે અહીંયા એમના લેખમાં જણાય છે... તેઓ લખે છે : 'બધા મગજ ગુમાવી બેસે અને તેના દોષ પણ તમારા પર ઢોળે ત્યારે તેમ જો તમારું મન સાબૂત રાખી શકે છે, સૌ શંકા કરે પણ તમે તમારામાં વિશ્વાસ રાખી શકો તો...' તમે જો સ્વપ્નાં જોઈ શકો... અને છતાં સ્વપ્નાનાં ગુલામ ન બનો, તમે જો વિચાર કરી શકો અને છતાં તેને જ એક માત્ર લક્ષ્ય ના ગણો, તમે જીતેલી તમામ ચીજોનો એક ઢગલો કરીને એક સિક્કો ઉછાળીને દાવમાં તે ખુશીથી હારી શકો તો... બધું જ હાર્યા પછી ફરી પાછા નવેસરથી મહેનત માંડો અને જે બધુ ખોઈ બેઠા તેના વિશે એક અક્ષર પણ ન ઉચ્ચારો તો... દુશ્મનો કે વ્હાલા દોસ્તોની તમને જખ્મી કરાવવાની તાકાતથી તમે વધુ આગળ નીકળી જઈ શકો તો... આ ધરતી તમારી છે, બધું જ તમારું છે પણ.... 'સૌથી વધુ તો તમે માણસ તરીકે પુરવાર થાઓ છો' સાર એ છે કે નબળા વિચારો સામે દલીલમાં ઉતર્યા વગર તેની 'તાકાત' ને જ પડકાર આપવો જોઈએ.

# સમાજ પણ સક્રિય બને

**તંત્રીસ્થાનેથી...**

આફત આવી છે એ બધા સમજે છે. સરકાર સવિશેષ સમજે છે અને એથી જ એ સતત નવા નવા નિર્દેશ કરે છે; ચેતવણી આપતી રહે છે. શક્ય એટલી વ્યવસ્થા પણ ઊભી કરે છે. ટેસ્ટીંગથી લઈ ટ્રીટમેટ સુધીમાં તબક્કાવાર આયોજન કરવા છતાં કોવિડ-૧૯ ભુરાટાં થયેલા આખલાની જેમ દેશ આખાને ઘમરોળી રહ્યો છે. શરુઆતમાં જયારે સવા વરસ અગાઉ કોરોનાએ હળવેક રહીને ભારતમાં એન્ટ્રી મારી ત્યારે જ તજજ્ઞો તો કહેતા હતા કે એ કંઈ તાળી કે થાળી વગાડવાથી ભાગી જવાનો નથી. એ તો શિકારની શોધમાં નીકળેલો દીપડો છે. ટાંપીને બેઠો છે. દુનિયાની બીજા નંબરની વસતિ પર ત્રાટકતાં એ લાંબો વખત નહીં લગાડે. કોંગ્રેસના રાહુલ ગાંધીને એમના વિદેશી સ્ત્રોતોમાંથી માહિતી મળી હતી કે ભારત નહીં સાચવે તો કોરોના ત્સુનામી જેમ છવાઈ જશે. આપણા નેતાઓ વિજ્ઞાન ભણેલા નથી. તેઓ સારું ભાષણ જરૂર કરી શકે પણ એમને કંઈ બેકટેરિયા કે વાઈરસ વચ્ચેનો ફરકની ખબર ન જ હોય. એથી એ બધા જ મહદંશે બેદરકાર રહ્યા. એમને માટે ચૂંટણીઓ વધુ મહત્ત્વની હતી. ચૂંટણીઓ કરાવી. જયજયકાર થઈ ગયો. બીજી તરફ કોરોનાએ હાહાકાર મચાવી દીધો. હવે એ બધાને પણ સમજાયું છે કે કોરોનાને ભારત સાથે ગોઠી ગયું છે. એને હાંકી કાઢવાનું તો શક્ય નથી પણ એની સામે ઢાલ ધરીને જરૂર બચી શકાય. રસીકરણ અને માસ્ક આવી ઢાલ છે. આદર પૂનાવાલા જે રસીનું ઉત્પાદન કરે છે એનું નામ જ કોવીશીલ્ડ છે. 'શીલ્ડ' એટલે ઢાલ. લડાઈ વખતે યોદ્ધો એની છાતી પર ઢાલ રાખે છે. બસ, એથી એના પર થયેલો દુશ્મનનો હુમલો જીવલેણ નથી નીવડતો. બચી શકાય છે. મુખ્યમંત્રીશ્રી વિજય રુપાણી હોય કે ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ હોય - તેઓ પ્રજાને આવી ઢાલ ઉપલબ્ધ કરાવે એટલે ઘણું. કેસ વધી ગયા, કલ્પના બહારની સંખ્યામાં લોકો કોરોના સંક્રમિત થઈ સરકારી અને ખાનગી હોસ્પિટલોના દરવાજા ખખવડાવતા થઈ ગયા. સરકારે દરેક મહાનગરમાં બેડ વધારવાની કામગીરી સત્વરે હાથ ધરી છે. અમદાવાદમાં જીએમડીસી ખાતે ૯૦૦ બેડની હોસ્પિટલ ઊભી કરાઈ રહી છે. રોજકોટમાં અમૃત ઘાયલ હોલ કોવિડ હોસ્પિટલમાં ફેરવાઈ ગયો છે. મુખ્યમંત્રીએ રેમડેસેવિરની વધી ગયેલી માગને પહોંચી વળવા પણ પ્રભાવિક પ્રયત્નો કર્યા છે. ડૉકટરોને એમને બિનજરૂરી રેમડેસેવિર પ્રિસ્ક્રિપ્શનો નહીં લખવા વિનંતી કરી છે. ઉત્સવો પર પ્રતિબંધ મૂકવાનું પણ સાહસ કર્યું છે. આ જ સમયગાળામાં હિંદુ ધર્મના, જૈન ધર્મના ઉત્સવો જેવા કે ચેટીચાંદ, પરશુરામ જંયતી, હનુમાનજયંતી અને મહાવીર જયંતી આવે છે. ઈદ અને આંબેડકર જયંતી કે અખાત્રીજ પણ આવે છે. શુભ મુર્હૂતો - લગ્નની મોસમ આવે છે. આ તમામ પર સંયમપૂર્વક નિયંત્રણ મૂકી પ્રજા પોતાના જ હિતમાં સરકારી આદેશોનું પાલન કરે એવું જરૂર ઈચ્છીએ. જો કે પ્રજા મહદંશે નિયંત્રણો સ્વીકારતી નથી. એને ખબર જ નથી પડતી કે પોતે સામે ચાલીને જોખમ વહોરતી ફરે છે. ગાંધીનગરના માગો પર વૉકિંગ કરતા લોકો પૈકી પચાસ ટકા માસ્ક વગરના હોય છે ! સબ કો સન્મતિ દે ભગવાન! અગનભઠ્ઠીઓમાં ઓરાતી લાશોનાં દૃશ્યો અને એ સતત કાર્યરત હોવાથી એની લોખંડની ગ્રીલ પણ ઓગળી જતાં તથા બર્નર બંધ થતા બેકાર બની જતી ભઠ્ઠીઓ શું સૂચવે છે? આવી પરિસ્થિતિનો ઉકેલ માત્ર સરકાર જ કરે એવી અપેક્ષા તો વધારે પડતી જ લેખાશે.

# હવે ગામડાને રસ્તે આવતાં કોઈની રાહ બુધિયાને જોવાની ન હતી...

**નવાં કલેવર**

નટવર હેડાઉ



બાળપણમાં મરી જતાં બાલ એક માત્ર બુધિયાનો આશરો હતો. તે બાપુને બહુ વ્હાલ કરતો. તેની દાઢીમાં હાથ ફેરવતો અને પડખામાં ગરીને સુઈ જતો.

બુધિયાને મેળો બહુ ગમતો. દર વર્ષે તેનો બાપ તેને શિવરાત્રીના મેળામાં લઈ જતો. ચવાણું અને પેંડા લઈ આપતો. પોતે મંદિરમાં બાવાજી પાસે બેસીન ચલમ ફંકતો ત્યારે બુધિયો ચકડોળમાં બેસે અને જાદુના ખલે જૂએ. મદારીના ખેલ જૂએ, રમકડાં ખરીદે તે દરમિયાન તેનો બાપ કેશુ બાંગ પીને બરાબર મસ્ત બની ગયો હોય. તે બુધિયાને જોઈ ખૂબ જોર જોરથી હસે. બુધિયો પણ ખુશ થાય.

'બેટા, તું થાકી ગયો હોઈશ' એમ કહી તેને ખભે બેસાડીને ઘરે લઈ આવે.

પણ એક દિવસ ચૈત્રી પૂનમના મેળે ગયા પછી કંઈક જુદી જ ઘટના બની.

'કેશાજી કેમ છો?આ તમારો છોરો છે? કોઈ પૈસાદાર જેવા લાગતા એક માણસે તેને પૂછ્યું.'

'હા, મારો જ છોરો છે. મોટો થઈ જયો એ, પણ શું કરવું કાંઈ હુજ પડતી નથી.' બુધિયાના બાપા કેશાજીએ કહ્યું.

'મું, શેરમા રહું છું. તારા છોરાને ધંધે લગાડી દઈશ' પેલા માણસે કહ્યું.

'તો... તો... તારી બધી ચિંતા મટી જાય. પણ શું આલશો એની ચોખવટ કરો' કેશાએ કહ્યું.

'ઈમા શું, મારી લારીએ કોમ કરવાનું, ખાવા-પીવા ને લુંઘડા આલીશ ને એક હજાર પગાર વધારામાં બોલ છે મંજુર' પેલાએ કહ્યું...

'મંજૂર... મંજૂર...'

એ રીતે બુધિયો શેરમાં આયો. જતી વખતે તેના બાપે વાયદો કરેલો કે દર બે-ત્રણ મહિને મળવા આવશે. પણ તેના બાપાનો આ વાયદો બુધિયા માટે અભિષાપ બની ગયો.

જે રસ્તે તેના ગામડેથી આવતો હતો એ રસ્તે દૂરથી કોઈ વ્યક્તિ ને સફેદ ખમીસને ધોતીયું પહેરીને આવતો જુએ ત્યારે બુધિયાને હંમેશા એમ લાગતું કે મારા બાપુ ચાલ્યા આવે છે. પણ નસીબ જ કંઈક એવું હતું કે દર વખતે નિરાશા જ સાંપડતી હતી.

આ રીતે રાહ જોતા બુધિયાને તેના માલિકે જોયો એટલે કહ્યું, 'બુધિયા તું જે રસ્તે તાકી રહ્યો છે ત્યાંથી હવે કોઈ નહીં આવે. કેમ કે તારો બાપ છ મહિના પહેલાં લોકડાઉન હતું ત્યારે આવેલો અને બે વર્ષના પૈસા મારા પાસેથી એડવાન્સ લઈ ગયો છે, તેથી નકામી રાહ જોવાનો કોઈ ફાયદો નથી. કામમાં ધ્યાન દે.'

બુધિયાનો માલિક બહુ નિર્દય છે. તેમાં પણ હમણાં તેની ચ્હાની રેંકડી બંધ થઈ ગઈ છે. તેથી બુધિયાને આખો દિવસ તેનાં છોકરાંને સાચવવાની જવાબદારી સોંપી છે, છોકરાઓને સવારે નાસ્તો અને બપોરે ગરમાગરમ ખાવાનું મળે છે પણ બુધિયાને ટાઢી રોટલી ખાવી પડે છે.

ટીવીમાં સમાચાર આવે છે કે લોકડાઉન થવાનું છે ત્યારે બુધિયાનો ચહેરો ખીલી ઊઠે છે. ગઈ સાલ લોકો આવીને કેવું ગરમાગરમ દાળ, ભાત, શાક અને રોટલી આપી જતા.

તે વિચાર કરતા હતો ને શાકવાળીની બૂમ સાંભળી. 'અરે, આ તો મારા ગામની સવલી' બુધિયો દોડતો દોડતો ગયો અને તેના બાપ વિશે પૂછવા લાગ્યો. ત્યારે સવલી શાકવાળીએ કહ્યું કે તારો બાપ કેશો તો છ મહિના પહેલાં કોરોનામાં મરી ગયો.

બુધિયાની આંખમાં આંસુ આવી ગયાં. હવે ગામડાને રસ્તે આવતાં કોઈની રાહ તેને જોવાની ન હતી.

# એમને નહીં ગમે, ન ગમતું એ વ્યક્ત પણ નહીં કરે

**આવો જીવીએ શાનદાર**

વિનોદ અમલાણી
vinodjamlani12@gmail.com



**(ગતાંકથી ચાલુ)**

વડીલોએ પોતાનાં દીર્ઘ જીવન દરમ્યાન પોતાની જાતને બરાબર ઘસી હોય છે, ક્યાંક પોતાની જાતને કાપકૂપ કરી હોય છે, પોતાની જાતને ખૂબ ટીપી હોય છે, પોતાની જાતને ઓગાળી હોય છે અને પછી જ પોતાનાં જીવનને એક નિશ્ચિત ઘાટ આપ્યો હોય છે. આ બધું જ કરવામાં તેઓએ ઘણીબધી પીડા સહન કરી હોય છે. આપણે જે રીતે આપણાં જીવનનો ઘાટ આપતા હોય છે તે જોઈને વડીલોને કદાચ એવી લાગણી થતી હોય છે કે આપણે આપણી જાતને જોઈએ એટલી ઘસતાં નથી, ટીપતાં નથી, ઓગાળતાં નથી તેને કારણે આપણાં જીવનનો ઘાટ અધકચરો કે કદરૂપો રહી જશે. તેઓને આપણાં જીવનનાં ઘાટની ચિંતા હોય છે એટલે જ તેઓને આપણાં કેટલાક પ્રકારના વર્તન અને વ્યવહાર ગમતાં નથી હોતાં.

વડીલો આપણાં કુટુંબ કે કુળના મોભી જેવા હોય છે. કુળની પરંપરાગત રૂઢીઓ અને રીત-રિવાજોનાં રખેવાળો જેવા હોય છે. તેઓ આપણી સંસ્કૃતિનાં ધરોહર છે. આપણાં કુળ-કુટુંબની રૂઢીઓ અને પરંપરાઓ જળવાશે નહીં તો લાંબા સમયે તે નષ્ટ થઈ જશે એવી ચિંતાને કારણે તેઓ આપણને આપણી ખોટી જીવનશૈલી પ્રત્યે અંગુલી નિર્દેશ કરીને આપણને રોકતા હોય છે અને સાચી જીવનશૈલી શીખવાડતા હોય છે. તેઓનાં ગમા-અણગમા મોટેભાગે સાચા હોય છે અને સમાજ અને સંસ્કૃતિ માટે લાલબતી જેવા હોય છે.

"તેઓનાં ગમા-અણગમાથી અમને કઈ ફેર પડવાનો નથી. એ લોકો તો કાલે જતાં રહેશે." આપણે જો આવું માનીને જીવતા હોઈએ તો એ કદાચ આપણી સૌથી મોટી ભૂલ છે. કારણ કે તેઓનાં જતાં રહેવાથી પણ આપણને ઘણો ફેર પડવાનો છે અને તેઓનાં અણગમા ઉપર ધ્યાન ન આપીને જીવનશૈલી જીવવાથી લાંબો ગાળે આપણાં જીવનમાં પણ ઘણો મોટો નકારાત્મક ફેર પડવાનો છે. આમ તેઓનાં અણગમાને આપણે ક્યારેય નઝરઅંદાજ ન કરી શકીએ.

આપણું આધુનિક શિક્ષણ, આપણો આર્થિક, સામાજીક બૌદ્ધિક વિકાસ અને આપની આધુનિક જીવનશૈલી આપણાં વડીલોને પણ પસંદ હોય જ છે. આપણાં એ પ્રકારનાં વિકાસ માટે તેઓએ મોટું યોગદાન પણ આપેલું હોય છે. આમ છતાં તેઓનાં કેટલાક પ્રકારનાં અણગમા યથાવત હોય છે. તેઓ એવું ઈચ્છતા હોય છે કે આધુનિક જીવનશૈલીની સાથેસાથે આપણી કેટલીક પરંપરાઓને પણ જાળવી રાખીએ અને તેનું જતન કરીએ. આપણી કૌટુંબિક પરંપરાઓને જાળવી રાખીને, આપણાં કુળના સાંસ્કૃતિક વારસાને ટકાવી રાખીને સાથેસાથે વ્યકિતગત વિકાસ સાધવો તથા આધુનિક જીવનશૈલીને અપનાવી એજ આપણાં વડીલોની નેમ હોય છે.

અહીં આપણાં વર્તન-વ્યવહારનાં વિશેનાં માત્ર વડીલોનાં જ અણગમાની વાત નથી. ક્યારેક આપણાંથી નાની વયનાં અથવા તો આપણાં સમવયસ્ક કુટુંબીજનોને પણ આપણાં કેટલાક પ્રકારનાં વર્તન-વ્યવહાર પ્રત્યે અણગમો હોય છે. વડીલોનાં અણગમાની સાથે આ લોકોનાં અણગમાઓને પણ ધ્યાનમાં લેવા એટલા જ જરૂરી હોય છે. એવું ન કરીએ તો એ લોકો અને આપણી વચ્ચે પણ સંઘર્ષ પેદા થવાની શક્યતાઓ વધી જાય છે. એટલા માટે આપણાં કોઈપણ સ્નેહી-સંબંધી અને ખાસ કરીને કુટુંબીજનોનાં અણગમા ઉપર ધ્યાન આપીએ સંઘર્ષ ટાળી શકાય છે અને સંબંધોને સુદ્રઢ બનાવી શકાય છે.

આપણે પોતે જ્યારે વડીલોની ભૂમિકામાં હોઈએ ત્યારે એવું બનતું હોય છે કે આપણને આપણાં યુવાન સ્નેહી-સંબંધીઓના કેટલાક પ્રકારના વાણી, વર્તન, વ્યવહાર અને તેઓની જીવનશૈલી નથી ગમતી હોતી. આપણને ન ગમતું હોય એ હંમેશા વ્યક્ત કરવું શું જરૂરી છે? આપણને ન ગમતું હોય એવું વારંવાર વ્યક્ત કરીને આપણે જો યુવાનોને ટોકયા કરીએ તો આપણી અને યુવાનોની વચ્ચે અંતર વધવાની, કડવાશ વધવાની શક્યતાઓ વધી જાય છે. આપણને ન ગમતું હોય તેના પ્રત્યે અંગુલી નિર્દેશ કરીને યૌવનોને આપણે સતત ટોકયા કરીએ તો એવું આપણું વર્તન ક્યારેક યુવાનોને પણ નથી ગમતું હોતું. તેને બદલે આપણે જો પેલા નાયકનાં નાનીમાં જેવો અભિગમ દાખવીએ તો? આપણાં કુટુંબના યુવાનોના આપણને ન ગમતાં વ્યવહાર-વર્તન પ્રત્યે આપણે અણગમો વ્યક્ત ન કરીએ તો પણ આજના યુવાનો સમજી શકતા હોય છે. કેટલાક પ્રકારનું વર્તન યુવાનોએ ન છૂટકે કરવું પડતું હોય છે.

'તત્વમસિ'નાં નાયકે પોતાનાં નાનીમાં વિશે લખ્યું કે 'મારાં નાનીમાં તો ક્યારેય પોતાને ગમતું નથી એમ કહેતા જ નહિ' એવી જ રીતે મોટાભાગનાં વડીલો પોતાને ન ગમતું હોય એવું કહીને પોતાની લાગણી વ્યક્ત કરતાં નથી હોતા. ઘણીવાર પેલા નાયકનાં નાનીમાની જેમ વડીલો પોતાની વાણી કે વર્તનમાં પોતાનાં અણગમો દેખાવા નથી દેતા હોતાં. આમ છતાં તેઓને જે ગમતું નથી એવું આપણું વર્તન તેમને એક પ્રકારની પીડા તો આપતા જ હોય છે. એ પીડા જે પોતે કોઈને કહ્યા વિના, વ્યક્ત કર્યા વિના પોતાના મનમાં જ ધરબી દેતાં હોય છે.

આપણાં વડીલોને ગમતું ન હોય એવું ન કરીએ એ આપણી જવાબદારી છે, આપણી ફરજ છે એટલું સમજીએ તો પણ ઘણુ છે. આપણાં વડીલોને ગમતી આપણી આદતો કે જીવનશૈલી વિષે આપણે જો જાણી શકીએ, તેમની વાતોને આપણે સમજી શકીએ તો જ તેઓની પીડાને પણ આપણે સમજી શકીએ. તેમની પીડાને સમજ્યા પછી એ પીડા ન થાય એવું કરવા માટે તેઓને ન ગમતું આપણે કરીએ જ નહીં એ જ એક રામબાણ ઈલાજ છે. કદાચ તેઓને ન ગમે એવું કરવું જ પડે તો તેઓને પહેલા વિશ્વાસમાં લઈએ, તેઓને સમજાવીએ અને તેઓને સંમત કરીએ પછી જ એવાં વર્તન અને વ્યવહાર કરીએ. આટલું કરવાથી પણ તેઓની પીડા હળવી થઈ શકે છે.

# બાંકડા કરે છે, કોરોના વેક્સિનની ચર્ચા...!

**મનના ઉમંગો**

રણછોડ પરમાર



અબ્દુલ દુકાન ઉઘાડે તે પહેલાં નવનીતભાઈ વહેલા આવીને બાંકડા પર ઊંધું ઘાલીને બેઠા છે. એમનો ડાબો હાથ ઘડીએ ઘડીએ જમણા ખભા નીચે ફેરવી રહ્યા છે. ત્યાં અબ્દુલ આવે છે એને જોઈને બોલે છે.

નવનીતલાલ:- અરે અબ્દુલ! જલ્દી દુકાન ઉઘાડ અને જલ્દી એક આખી ચા બનાવ. મારું તો યાર મગજ ફાટ ફાટ થાય છે.

અબ્દુલ:- અરે નવનીતભાઈ, તમને તાવ આવ્યો છે કે શું ? કેમ આમ સાવ ઢીલાઢફ થઈ ગયા છો ?

નવનીતલાલ:- અરે ભાઈ, હું કોરોનાની રસી લઈને આવ્યો છું. રસી આપનારી નર્સનો હાથ બહુ ભારે હતો. જોને મારો તો હાથ ફૂલી ગયો !

અબ્દુલ :- અરે હા, ખરેખર તમારો તો હાથ ફૂલીને સન્ની દેઓલ જેવો થઈ ગયો છે. આવી રીતે હાથ ફૂલી જાય તો રસી લેવા કોણ જશે ? લ્યો આ છાપું વાંચો ત્યાં સુધી હું તમારી ચા બનાવી દઉં.

નવનીતલાલ છાપું વાંચે છે ત્યાં કરશનદાસ આવે છે.

કરશનભાઈ:- :- કોની ? સન્ની લિઓનની વાત થાય છે ? એ અહીં ચા પીવા આવવાની છે ? તો તો અબ્દુલ તારો ધંધો ધમધોકાર ચાલશે હો !

અબ્દુલ:- અરે કરશનકાકા આપણો ધંધો સન્ની લિયોન વગરય સારો ચાલે છે અને આપણી કોરોના સ્પેશ્યલ તો એકદમ ધમધોકાર ચાલે છે.

કરશનભાઈ:- ધંધો તો તારી દાનત સારી છે એટલે સારો જ ચાલશે. પણ તું સન્ની સન્ની શું બકતો હતો?

અબ્દુલ:- અરે કાકા, આ નવનીતભાઈ કોરોનાની રસી મૂકાવી આવ્યા તે એમનો હાથ ફૂલીને સન્ની દેઓલના બાવડા જેવો થઈ ગયો છે એની હું વાત કરતો હતો. પણ તમે આ ઉંમરે સન્ની લિયોનની વાતો કરો એ સારું ના કહેવાય. ચાલો જવા દો એ વાત. તમારી ચા બનાવું કે બીજા ભાઈઓને આવવા દેવા છે?

કરશનભાઈ : અરે વાહ ભાઈ અબ્દુલ ! તે બહુ સરસ વાત કરી. અમારે ધોળામાં ધૂળ પડે એવું વર્તન ના કરવું જોઈએ. તું મારી પણ આખી સ્પેશ્યલ કોરોના બનાવજે. આજે ઘેર ચા પીવાની મઝા આવી નથી.

અબ્દુલ ચા બનાવે તે પહેલાં પ્રસન્નભાઈ અને દર્શનભાઈ આવે છે.

દર્શનભાઈ: કમાલ છે ! આજે નવનીતલાલ અને કરશનકાકા વહેલા આવી ગયા લાગે છે , ચા ટટકાવી દીધી કે શું ?

નવનીતલાલ: અરે ભાઈ ! અબ્દુલે હજુ હમણાં જ દુકાન ખોલી છે. તમારે કોરોના સ્પેશ્યલ ચા પીવી હોય તો ભેગો ઓર્ડર આપી દો.

પ્રસન્નભાઈ:- હા, હા. અબ્દુલ, અમારી પણ કોરોના સ્પેશ્યલ બનાવી દે. અને એમ કર અમારી આખી ચા બનાવજે.

કરશનભાઈ:- અરે પ્રસન્નભાઈ, શું વાત છે ? આજે બધા આખી ચા પીવા તૈયાર થઈ ગયા છે ! બધાની પત્નિઓ પિયર પ્રયાણ કરી ગઈ છે કે શું ?

નવનીતભાઈ:- હવે આ કોરોનામાં મહિલાઓ પિયર જવાનુંય ભૂલી ગઈ છે ! પણ હું તો આજે રસી લઈને આવ્યો છું તે આખા શરીરમાં ઝીણા કળતર જેવું લાગે છે. અને માથું તો હમણાં ફાટી જશે , હમણાં ફાટી જશે એવું લાગે છે. આ અબ્દુલની ચા પીને ઘેર જઈને ઊંઘી જ જવું છે.

કરશનભાઈ:- હા તું જલ્દી ચા પીને ઘેર જઈને ઊંઘી જા. અને ગભરાતો નહીં. આ તો રસી લઈએ એટલે થોડો સમય આવું થાય છે.

અબ્દુલ: લો નવનીતભાઈ, આ તમારી ચા. ચા પીશો એટલે તમારું ફાટફાટ થતું મગજ એકદમ સંધાઈ જશે.

પ્રસન્નભાઈ:- તે હેં નવનીતભાઈ, જો તમારું મગજ સાચેસાચ ફાટી પડે તો એમાંથી કેટલી કવિતા નીકળે ?

કરશનભાઈ:- જો એનું મગજ ફાટી જશે તો એમાંથી કવિતા નીકળે કે ના નીકળે પણ તારા માથા પર આ અબ્દુલનાં કપરકાબી જરુર ફૂટી જશે. એટલે શાંતિથી બેસ અને એને શાંતિથી ચા પીવા દે.

પ્રસન્નભાઈ:- સોરી નવનીતભાઈ, જો તમને બહુ તકલીફ હોય તો ઘેર મૂકવા આવું.

નવનીતલાલ:- ના, ના, એટલી બધી ચિંતા કરવાની જરુર નથી. એ તો એકાદ કલાક શાંતિથી ઊંઘી જઈશ એટલે સારું થઈ જશે.

નવનીતલાલ ચા પીને જવા માટે ઊભા થાય છે ત્યાં હર્ષદભાઈ અને પરવતભાઈ આવે છે.

હર્ષદભાઈ :- ઓહો ! નવનીતભાઈ કેમ વહેલા ઉપડ્યા? આજે કવિતા નથી સંભળાવવાની ?

કરશનભાઈ:- અરે મારા ભાઈ અહીં દેડકાભાઈનો જીવ જાય છે ને હાડિયાભાઈને હસવું આવે છે !

અબ્દુલ: કરશનકાકા, મને કંઈ સમજ ના પડી. આમાં દેડકાનો જીવ કેમનો જાય અને હાડિયાભાઈને હસવું કેમ આવે ?

નવનીતલાલ: એ બધું તારે સમજવાની જરુર નથી. ચાલો દોસ્તો આવજો. અને એક ખાસ વાત. આવું તો થોડુંઘણું થાય. પણ તમે બધા મારો દાખલો લઈને રસી લેવા જવાનું ટાળશો નહીં. બધા રસી લેવા ચોક્કસ જજો.

કરશનભાઈ: તું અમારી ચિંતા કરીશ નહીં. અમે બધા રસી લેવા જવાના જ છે.

નવનીતલાલ જાય છે.

દર્શનભાઈ: એ વાત ખરી કે આપણે નવનીતભાઈની ગમે તેટલી ગમ્મત કરીએ પણ એમના વગર ચા પીવાની મઝા આવતી નથી એ વાત ચોક્કસ.

એટલી વારમાં અબ્દુલે નવી ચા ચા બનાવી દીધી. બધા નવનીતલાલે આપેલા પ્યાલાઓમાં ધીમે ધીરે ચાની ચૂસ્કીઓ લેવા માંડ્યા.

કરશનદાસ: વાહ અબ્દુલ વાહ ! આજે તો તે કમાલ કરી દીધી છે હોં ! બહુ મસ્ત ચા બનાવી છે ! બોલ શું ઈનામ આપું ?

અબ્દુલ:- મારે કોઈ ઈનામ જોઈતું નથી. આપના આશીર્વાદ મળે એટલે બસ.